RNI No.: GUJGUJ/2015/65690

ૐકાર સંપ્રદાય
ૐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષઃ ૧૦ | અંકઃ ૫ | નવેમ્બર - ૨૦૨૪ | કિંમતઃ ૧૦/-





મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

# સંભુક ઊર્જા

## દ્વારા
## માતા નવદુર્ગાની કૃપા
## અને
## આશીર્વાદ
## પ્રાપ્ત કરવા



સદ્ગુરુ ૐઋષિની પાવનનિશ્રામાં શીખવવામાં આવનાર

# ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના

આજે આપને ખૂબ જ રહસ્યમય અને આપને આનંદિત કરી શકે એવા ''સંભુક ઊર્જા''ની વાત કહેવા માંગુ છું.

મનુષ્યનું અવતરણ પ્રથમ વખત જ્યારે આ પૃથ્વી ઉપર કરવામાં આવ્યું ત્યારે મનુષ્યની ઓરામાં દેવી પાર્વતીના તપ-સાધનાથી સર્જિત થયેલી ''સંભુક ઊર્જા'' પણ ૧% જેટલી મુકવામાં આવી. ''સંભુક ઊર્જા'' મુકવા પાછળનું રહસ્ય એ હતું કે મનુષ્ય એ ઊર્જાનો ઉપયોગ કરીને દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકે અને ધરતી ઉપર પડતા કષ્ટનું સમાધાન દૈવી શક્તિના માધ્યમથી પ્રાપ્ત કરી શકે, પરંતુ લાખો વર્ષનો સમય પસાર થતાં ઋષિમુનિઓએ ''સંભુક ઊર્જા'' વિશે જે જનમાનસને શાસ્ત્રને માધ્યમથી સમજૂતી આપી હતી એ વાત લુપ્ત થઈ ગઈ અને ''સંભુક ઊર્જા''નો ઉપયોગ કરવાનું માણસ જે સતયુગમાં ખૂબ જ કરતો હતો એ કળિયુગ આવતા-આવતા સાવ ભૂલી ગયો.

હું આજે આપને આ વાત એટલા માટે કહી રહ્યો છું કે ''સંભુક ઊર્જા''નો ઉપયોગ કરી આપ પણ દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકો. દેવી પાર્વતીની તપ-સાધનાથી સર્જિત આ ઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો એ **ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના**માં ગુરુજી દ્વારા શીખવવામાં આવશે. **સંભુક ઊર્જા** એ આપને માતાની દિવ્ય ચેતના સાથે **ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના**ના માધ્યમથી જોડાણ કરાવી શકશે.

આપ સૌ ભક્તજનો ગુરુજીની પાવનનિશ્રામાં આ દુર્લભ અને અલભ્ય મહાસાધનામાં જોડાવાનો લાભ લેવા ઈચ્છતા હોય તો નીચે આપેલ મોબાઈલ નંબર પર આપનું નામ નોંધાવી દેવું.

**ખાસનોંધઃ**

(1) આ સાધના પરમપૂજ્ય ગુરુજી દ્વારા શીખવાડવામાં આવશે.
(2) આ સાધના બે કલાકની રહેશે.

## સંપર્ક સૂત્ર

**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**, પાલડી, અમદાવાદ

વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર : **9376334289**



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

## ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્દષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

નવેમ્બર -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૫
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપ સર્વ ભક્તજનોને દેવદિવાળીની ખૂબ ખૂબ શુભકામના. આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ અને વિકાસ થાય એ માટે ગુરુજીએ સાધના અને મહાપૂજન અલગ-અલગ જ્ઞાન પદ્ધતિ તેમજ સાધના પદ્ધતિના માધ્યમથી શરૂ કર્યા છે જે આપ સૌના જીવનમાં સમૃદ્ધિદાયક પરિવર્તન અચૂક લાવશે.

ૐકાર ચાલીસા લેખન અને પઠન કરનાર ભકતોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે જેના કારણે લોકોના જીવનમાં એક નવી ચેતના પ્રગટે છે અને ભક્તો પોતાના જીવનકલ્યાણની રાહ પર આગળ વધે છે. ૐકાર ચાલીસા લેખન અને પઠન વધી રહ્યા છે એના કારણે ગુરુજીની પ્રસન્નતા પણ વધતી દેખાય છે. પરમ પૂજ્ય ગુરુજી હંમેશા દઢ આત્મવિશ્વાસ સાથે કહેતા રહ્યા છે કે “જો દુનિયામાં લોકકલ્યાણ કરવા માટે વારંવાર મારે આવો જ જન્મ લેવો પડે તો હું લેવા તૈયાર છું.” આ વાત ગુરુજીએ હંમેશા જાહેર કાર્યક્રમોમાં પણ દોહરાવી છે.

આપણે સૌ ધન્ય છીએ કે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા રચિત થતા મંત્ર, મંત્રશક્તિપાત, દિવ્ય ગાથા, શ્લોકોના સર્જનની આપણને એમના વરદહસ્તે પ્રાપ્તિ થાય છે.

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## ‘અણસારા જેવું’

પાંપણના પલકારા જેવું, જીવન છે ઝબકારા જેવું ;
સ્મૃતિમાંથી બહાર આવીને, આપ જરા અણસારા જેવું ;
રાત-દિવસનું વીતી જવું છે, વીજળીના ચમકારા જેવું ;
શ્વાસ અમારા ગયા છે થાકી, શ્વાસને દે સધિયારા જેવું ;
ૐકાર આપે છે મનને, ભીતરના સથવારા જેવું.

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની**

**પાવન નિશ્રામાં યોજાયેલ**

# ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજન

**પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં કરાવવામાં આવેલ આ મહાપૂજન ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ, જેના દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક....**

















शुभ
लाभ





મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની
પાવન નિશ્રામાં યોજાયેલ

# ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના

પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં શીખવવામાં આવેલ આ અલભ્ય અને દુર્લભ મહાસાધના ૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખેલ. આ દુર્લભ મહાસાધનામાં પરમ પૂજ્ય ગુરુજીએ આપણામાં રહેલી સંભુક ઊર્જાનો ઉપયોગ કરી દૈવી શક્તિ સાથે જોડાણ કરવાની સાધના શીખવેલ. જેના દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક....




















# અધુરી ઈચ્છા - રહસ્યમય સત્ય ઘટના

(આ વાત વર્ષ ૨૦૦૦ની છે. સદ્‌ગુરુ ૐઋષિના ભક્ત સાથે થયેલી ઘટના વાર્તા સ્વરુપે રજુ કરેલ છે. )

રાજકોટના પ્રતિષ્ઠિત સર્જન ડૉ. ભાસ્કર જોષીની રાજકોટમાં હોસ્પિટલ હતી. રાજકોટ અને એની આસપાસના ગામોમાંથી લોકો ટ્રીટમેન્ટ અને સર્જરી માટે ડૉ. જોષી પાસે જ આવતા હતા કારણકે ડૉ. જોષી સાચું નિદાન અને સાચી પ્રેક્ટીસ બંન્ને બરાબર રીતે કરતા હતા.

ડૉ. ભાસ્કર જોષીએ એમની સાથે જ ભણતી ડૉ. શીલા સાથે લવમેરેજ કર્યા હતા. બંન્નેનું દામ્પત્યજીવન ખૂબ સરસ ચાલતું હતું. ડૉ. શીલા MBBS થયેલા હતા એટલે તેઓ વધારે સમય હોસ્પિટલના મેનેજમેન્ટમાં આપતા હતા.

લગ્નના ચાર વર્ષ બાદ એમના ત્યાં પુત્રીનો જન્મ થયો હતો. જેનું નામ એમણે દિવ્યાંશી પાડ્યું હતું. દિવ્યાંશી નડિયાદમાં રહી મેડીકલનો અભ્યાસ કરી રહી હતી અને ત્યાં જ હોસ્ટેલમાં રહેતી હતી.

ટૂંકમાં કહીએ ડૉ. ભાસ્કર જોષી એમના પરિવાર સાથે સુખમય અને આનંદપૂર્વક જીવન વ્યતિત કરતા હતાં.

'કહું છું, ડૉ. મહેશ રાજાણીના દીકરાના લગ્નમાં આપણે ગોંડલ જવાનું છે, યાદ છેને?' શીલાએ પતિને પૂછ્યું હતું.

'અરે હું તો ભૂલી જ ગયો હતો. કાલે તો મેં ડ્રાઇવરને પણ રજા આપી દીધી છે. ડૉ. રાજાણીના ત્યાં જવું તો પડશે જ. પણ ચાલો કંઇ વાંધો નહીં હું ગાડી ચલાવી લઇશ.' ડૉ. જોષી બોલ્યા હતાં.

'સારું, તમે થાકી ગયા હશો તો પાછા વળતા ગાડી હું ચલાવી લઇશ.' શીલાએ કહ્યું હતું.

બંન્ને જણા સવારે છ વાગે રાજકોટથી ગોંડલ જવા નીકળ્યા હતાં.

ગોંડલથી લગભગ દસ કિલોમીટર પહેલા અચાનક એક વૃદ્ધ ડોસી ગાડી પાસેથી પસાર થઇ રોડ ક્રોસ કરી રહી હતી. આ જોઇ ડૉ. જોષીએ જોરથી બ્રેક મારી અને ગાડીમાંથી ઉતરી ગુસ્સામાં રાડ પાડી.

'એ ડોસી, મરવાની થઇ છું? મરવું જ હોય તો ઘરે બેસીને મરને, ગાડી સામે આવીને બીજાને શું કરવા મારે છે?' ડૉ. જોષી ગુસ્સાથી ઉકળી પડ્યા હતાં.

'તમે ગાડીમાં અંદર બેસી જાઓ. ડોસીને સંભળાતું પણ નથી ને તમે રાડારાડ ખોટી કરો છો. આપણે લગ્નમાં જવાનું મોડું થાય છે.' શીલાએ પતિના ગુસ્સાને શાંત પાડતા કહ્યું હતું.

લગ્નમાં હાજરી આપી બંન્ને રાજકોટ મોડી રાત્રે પરત ફર્યા હતાં.

બીજા દિવસે નિયત સમયે ડૉ. જોષી હોસ્પિટલ પહોંચી ગયા હતાં. હોસ્પિટલ પહોંચતા જ એમને નવાઇ લાગી હતી. આમ તો વર્ષોથી જયારે એ હોસ્પિટલ પહોંચે ત્યારે પેશન્ટોથી વેઇટીંગ રૂમ ભરાઇ જ ગયેલો હોય.

સવારે નવ વાગે હોસ્પિટલ પહોંચે તો બપોરે બે વાગ્યા સુધી જમવાનો પણ મેળ પડતો ના હોય અને રોજની એક સર્જરી તો કરવાની હોય જ. આના કારણે તેઓ રાત્રે દસ વાગે ફ્રી પડતા હતાં અને આજે અચાનક પેશન્ટ વગરનો ખાલી વેઇટીંગ રૂમ જોઇ એક ક્ષણ માટે તો તેઓ ડઘાઇ ગયા હતાં.



|| ૐ નમઃ ||

'નર્સ, આજે એપોઇન્ટમેન્ટ નથી?' ડૉ. જોષીએ નર્સને પૂછ્યું.

'સર, એપોઇન્ટમેન્ટ તો પચ્ચીસ હતી પરંતુ કોઇ પેશન્ટ આવ્યું જ નથી અને કાલે જેતપુરના જે પેશન્ટની સર્જરી હતી એ પણ કેન્સલ થઇ છે.' નર્સ પણ આશ્ચર્યચકિત મુખમુદ્રામાં બોલી રહી હતી.

ડૉ. ભાસ્કર જોષી પોતાની કેબીનમાં જઇ વિચારમાં પડી ગયા હતાં. પોતાની કેબીનને ચાર-પાંચ વાર જોઈ ચૂક્યા હતાં. કેબીન જ્યારથી બની ત્યારથી પહેલીવાર આટલી ધારીને એમણે કેબીનને જોઈ હશે કારણકે પહેલીવાર તો એમને હોસ્પિટલમાં આટલી ફુરસત મળી હતી પણ આ ફુરસત એમને કાંટાની જેમ વાગી રહી હતી.

નિયત સમય પ્રમાણે ડૉ. શીલા પણ બાર વાગે હોસ્પિટલ આવી ગઇ હતી. નર્સે એને પણ આખી વાત કહી ત્યારે એ પણ નવાઇ પામી ગઇ હતી.

આવું લગભગ દસ દિવસ સુધી સળંગ ચાલ્યું. ડૉ. ભાસ્કર જોષી અને શીલા આ મુદ્દા ઉપર અલગ-અલગ થીયરીઓ વિચારી ચૂક્યા હતાં. કોઇ પેશન્ટની સર્જરી છેલ્લા બે મહિનામાં બગડી નથી, કોઇ પેશન્ટ સાથે દુર્વ્યવહાર કે કોઇ ખોટું નિદાન થયું નથી, કન્સલ્ટીંગ ફી અને સર્જરીની રકમ પણ વધારવામાં આવી નથી છતાં હોસ્પિટલમાં પેશન્ટો આવતા કેમ નથી એનું રહસ્ય બંન્ને ઉકેલી શક્યા ન હતાં.

'કહું છું, આપણે ગુરુજીને મળીને વાત કરીએ તો?' શીલાએ ગભરાતા ગભરાતા પતિને પૂછ્યું હતું.

'હવે આમાં ગુરુજીનો ક્યાં કંઈ રોલ છે. ગુરુજી આમાં શું કરશે? મને લાગે છે કે ડૉ. પંકજ મહેશ્વરી જે આપણો પ્રતિસ્પર્ધી છે એણે જ કોઇ અફવા ફેલાવી હશે. કાલે જ મેં આપણા પટાવાળા નંદુને એની હોસ્પિટલ બહાર મોકલ્યો હતો. એના ત્યાં પેશન્ટોનો ધસારો ડબલ થઇ ગયો છે. નંદુના કહેવા પ્રમાણે વર્ષોથી આપણા ત્યાં આવતા કેટલાંક પેશન્ટોને એણે ત્યાં જતા જોયા છે. એટલે આમાં ગુરુજીને મળીને કશો ફાયદો નથી. ડૉ. પંકજ મહેશ્વરી શું ચાલ ચાલ્યો છે એ જાણવું પડશે.' ડૉ. જોષી બોલ્યા હતાં.

'ભલે તમે ડૉ. પંકજે કરેલા કાવતરાની શોધ કરો પણ એકવાર ગુરુજીને મળવામાં શું જાય છે. આમેય અહીં ખાલી બેસી જ રહ્યા છે ને.' શીલા બોલી હતી.

'ખાલી બેસી રહ્યા છે' એ શબ્દો ભાસ્કરના હૃદયમાં તીરની જેમ વાગ્યા હતા.

નાછૂટકે ડૉ. જોષીએ અમદાવાદ જવાની હા પાડી.

શીલા ગુરુજી સાથે જોડાયેલી હતી. અધ્યાત્મમાં એને ખૂબ જ ઊંડી રૂચિ હતી. અગોચર વિશ્વને જાણવામાં એ ખૂબ જ રસ લેતી હતી. શીલાએ ગુરુજીના પર્સનલ ટેલિફોન નંબર પર ફોન કરીને ગુરુજી પાસે સવારનો મળવાનો સમય લઇ લીધો હતો.

ડૉ. ભાસ્કર અને પત્ની શીલા અમદાવાદ ગુરુજીના આશ્રમે પહોંચ્યા હતાં. આયુમાં નાના એવા આધ્યાત્મિક વ્યક્તિને શીલાએ ગુરુ બનાવ્યા હતાં એ વાતથી ડૉ. ભાસ્કર જોષીને કાયમ નવાઇ લાગતી હતી. આમ તો શીલા કોઇ નાની વસ્તુ પણ ખરીદે તો બે-ચાર વ્યક્તિનો એ વસ્તુ માટેનો અનુભવ પૂછીને પછી જ લે અને ચોવીસ વરસના વ્યક્તિને ગુરુ બનાવતા પહેલા એણે કોઇનો પણ અભિપ્રાય લીધો ન હતો.

શીલા અને ડૉ. ભાસ્કર ગુરુજીના કક્ષમાં પ્રવેશ્યા. બંન્નેએ ગુરુજીને વંદન કર્યા ત્યારબાદ શીલાએ ગુરુજીને હોસ્પિટલની વાતથી વાકેફ કર્યા હતાં.

ગુરુજી આંખ બંધ કરી દસ મિનિટ ધ્યાનમાં સરી ગયા. ડૉ. ભાસ્કરને આ દસ મિનિટ દસ જનમ જેવી લાગતી હતી. દસ મિનિટ પછી ગુરુજીએ આંખ ખોલી હતી.

'તમારો સામનો કોઇ આત્મા સાથે થયો છે, જે આત્માને હજી મુક્તિ મળી નથી. તમે મને એ જણાવો કે હોસ્પિટલમાં જે દિવસથી દર્દીઓ આવવાના બંધ થયા એના ત્રણ દિવસ પહેલા કોઇ અજૂગતી ઘટના થઇ હતી?' ગુરુજીએ બંન્નેની સામે જોઇ આ સવાલ પૂછ્યો હતો.

'ગુરુજી મને બરાબર યાદ છે કે જે દિવસથી પેશન્ટો આવવાના બંધ થયા એના પહેલાના ત્રણે-ત્રણ દિવસ અમે રાજકોટમાં જ હતાં, ખાલી એક દિવસ ગોંડલમાં એક લગ્નમાં હાજરી આપવા માટે ગયા હતાં ત્યારે રસ્તામાં એક અજૂગતી ઘટના બની હતી. અમે જયારે ગોંડલ નજીક પહોંચવા આવ્યા હતા ત્યારે એક ડોસી અમારી કાર પાસેથી પસાર થઇ રસ્તો ક્રોસ કરી રહી હતી અને ભાસ્કરે ગાડીને જોરથી બ્રેક મારવી પડી હતી. ભાસ્કર આમ તો કોઇ દિવસ ગુસ્સે થતા નથી પરંતુ એ દિવસે એ ડોસી ઉપર ખૂબ ગુસ્સે થઇ ગયા હતાં. બસ, આ એક જ ઘટના એવી હતી કે જે અજૂગતી હતી.' શીલાએ એકીશ્વાસે આ આખો જવાબ આપ્યો હતો.

ડૉ. ભાસ્કર જોષી શીલાની આખી વાત દરમ્યાન પોતાનું માથું હકારમાં ધુણાવી રહ્યા હતાં.

'આ બધી વાતોનો પેશન્ટો હોસ્પિટલમાં નહીં આવવા સાથે શું સંબંધ?' એવું અકળામણ સાથે મનમાં વિચારી પણ રહ્યા હતાં.

પંદર મિનિટ બધી ગણતરી કર્યા બાદ ગુરુજીએ બંન્નેની સામે જોઇને કહ્યું હતું.

'જુઓ, જે ડોસી તમને મળી હતી એ ડોસી નહીં પરંતુ એ એક આત્મા હતી. તમે અવગતિએ ગયેલા આત્માને ગુસ્સામાં આપેલી વાણીના કારણે એ આત્માએ પોતાની શક્તિથી તમારું સંપૂર્ણ ભૌતિક ચક્ર બંધ કરી દીધું છે અને હવે તમારા કુટુંબનું શારીરિક ચક્ર પર ઘાત કરવાની કોશિષ આ આત્મા કરશે. તમારા ઘરના ત્રણે મેમ્બરમાંથી કોઇને કંઇ શારીરિક તકલીફ તો નથી થઇ ને?' ગુરુજીએ બંન્નેની સામે જોઇ પૂછ્યું હતું.

'મારી દીકરીને પરમદિવસે જ પથરીનો દુ:ખાવો ઉપડ્યો હતો. દવાથી હવે રાહત છે. અમને બંન્નેને કોઇ તકલીફ નથી.' ડૉ. ભાસ્કર જોષી બોલ્યા હતાં.

'ગુરુજી, આ સમસ્યાનો આપ જ કોઇ ઉપાય બતાવો.' દુ:ખી સ્વરે શીલા બોલી હતી.

'હું આપને જે ઉપાય બતાવવા જઇ રહ્યો છું એને આપ બરાબર સાંભળો. આપને હું એક કવચ બનાવીને આપીશ. એ કવચને આપે એ ડોસીને જે જગ્યાએ જોઇ હતી એ જગ્યાએ આ કવચ મુકી દેવાનું છે. હવે અહીંથી મારી વાત બરાબર ધ્યાનથી સાંભળજો. આ કવચ મુક્યાના ત્રણ દિવસની અંદર એ ડોસી કોઇને કોઇ કામ માટે તમારી પાસે આવશે અને એ જે કામ કહે એ કામ તમે કરી દેજો. એમાં કોઇપણ જાતનો વાદવિવાદ કરતા નહિ.' ગુરુજીએ પોતાની વાત પૂરી કરી હતી.

પતિ-પત્ની બંન્ને ગુરુજીની વાત સાંભળીને બાઘા જેવા બની ગયા હતાં.

શીલાએ થોડા સ્વસ્થ થઇ ગુરુજીએ કહેલી વાત પર અમલ કરવા માટે હા પાડી હતી.

'પરંતુ કોઇ આત્મા આવી રીતે કોઇ માણસને મળવા આવે ખરી? અને ધારો કે આવશે તો અમને કંઇ હાનિ નહીં પહોંચાડે ને?' શીલાના મનમાં આવા સવાલ ઉદ્‌ભવ્યા હતાં.

'શીલા, તારા મનમાં ઊભા થયેલા સવાલ હું જાણું છું. એ આત્મા તમને બંન્નેને કોઇપણ જાતનું નુકસાન અચૂક નહીં કરે. એ માટે તમને બંન્નેને ગળામાં પહેરવા માટેનું રક્ષાકવચ બનાવી આપું છું. આ રક્ષાકવચ તમારે ત્રણ દિવસ સુધી ગળામાંથી ઉતારવાનું નથી.' ગુરુજીએ શીલાના મનમાં ઉઠેલા સવાલનો જવાબ સામેથી આપ્યો હતો.

'મને તો આ બધું અશક્ય અને અવિશ્વસનીય જેવું લાગે છે.' ડૉ. ભાસ્કર જોષી અકળામણમાં બોલી ઉઠ્યા હતાં.

'હું જાણું છું કે આપ ડૉક્ટર છો અને આ બધી વાતમાં વિશ્વાસ ના કરો એ પણ મને ખબર છે. પરંતુ મારા બતાવેલા માર્ગદર્શન પ્રમાણે તમે કરશો તો મારી વાતની સત્યતાનો બોધ તમને પોતાને જ થઇ જશે. તમે કહેતા હોય તો હું તમને અત્યારે એ આત્મા માટેનું કવચ કરી આપું અને ગળામાં પહેરવા માટે રક્ષાકવચ પણ બનાવી આપું.' ગુરુજી બોલ્યા હતાં.

'ગુરુજી, આપ જેમ કહેશો તેમ અમે કરવા તૈયાર છીએ પણ આ મુસીબતમાંથી અમને બહાર કાઢો.' શીલા આંખમાં આંસુ સાથે બોલી હતી.

બંન્નેએ ગુરુજીએ તૈયાર કરી આપેલું આત્મા માટેનું કવચ સાથે લીધું અને ગળામાં પહેરવાનું રક્ષાકવચ ગુરુજીની સમક્ષ જ બાંધી દીધું.

ગુરુજીના આશ્રમેથી નીકળ્યા બાદ પતિ-પત્ની અમદાવાદથી સીધા એ જગ્યા પર પહોંચ્યા જ્યાં ડોસી સાથે ભેટો થયો હતો. બપોરનો સમય હોવાના કારણે રસ્તો સૂમસામ હતો. ડૉ. જોષીએ ગાડીમાંથી ઉતરીને આત્માનું કવચ એ જગ્યાએ મુકી દીધું અને પરત પોતાના ઘરે રાજકોટ આવી ગયા હતા.

કાલથી ત્રણ દિવસમાં ડોસી આવે એની રાહ જોવાની હતી.

'આપણા પેશન્ટો ડૉ. પંકજ જ લઇ જાય છે. આમાં ભૂત-પ્રેત કે આત્માની કોઇ જ વાત છે નહિ. તું અને તારા ગુરુજી બંન્ને ખબર નહિ કઈ દુનિયામાં રહો છો.' ડૉ. જોષીએ ઘરે આવીને પત્ની શીલા પર અકળામણ કાઢતા કહ્યું હતું.

'ડૉ. પંકજ પચ્ચીસ વર્ષથી તમારો હરીફ છે. ભૂતકાળમાં એનાથી સર્જરીઓમાં થયેલી ભૂલના કારણે હરણીયા અને પથરીના ઓપરેશનોમાં પણ એના હાથે દર્દીઓ મૃત્યુ પામ્યા હતા જેના કારણે આપણી હોસ્પિટલ કરતા એની હોસ્પિટલમાં પેશન્ટો અડધા પણ આવતા નથી પરંતુ જ્યારથી આ ડોસીનો કિસ્સો બન્યો છે ત્યારથી એની હોસ્પિટલમાં પેશન્ટો ખૂબ વધી ગયા છે. આવું રાતોરાત થવા પાછળ મને તો આ જ રહસ્ય લાગે છે જે ગુરુજીએ આપણને કહ્યું છે. માટે ત્રણ દિવસ સુધી બરાબર એ આત્માની રાહ જોવી પડશે અને ભૂલમાંથી પણ તમે એવું કશું ન કરતા કે એ ભૂલ આપણને નડી જાય. કાલથી હું હોસ્પિટલ તમારી સાથે જ આવીશ અને જયાં જશો ત્યાં જોડેને જોડે આવીશ.' શીલાએ હુકમભર્યા સ્વરે કહ્યું હતું.

બીજા દિવસે સવારે ડૉ. ભાસ્કર અને શીલા હોસ્પિટલ પહોંચ્યા હતા. આજે પણ

હોસ્પિટલમાં એક પણ પેશન્ટ ન હતું. બપોરે ચાર વાગે શીલા અને ભાસ્કર ઊભા થઈ ઘરે જવા નીકળતા હતા એ સમયે કેબીનનો દરવાજો ખખડ્યો.

'ડૉ. સાહેબ, એક વૃદ્ધ પેશન્ટ આવ્યા છે. અંદર મોકલી આપું?' નર્સે કહ્યું હતું.

'હા, મોકલી આપ.' ડૉ. ભાસ્કર જોષી બોલ્યા હતાં.

પતિ-પત્ની બંન્ને એકબીજાની સામે જોઇ રહ્યા હતાં. બંન્નેના મનમાં એક જ સવાલ હતો કે 'આ પેલી ડોસી તો નહિ હોય ને?'

નર્સે દરવાજો ખોલ્યો. એક વૃદ્ધ ડોસી હાથમાં લાકડી સાથે અંદર દાખલ થઇ. વૃદ્ધ ડોસીને જોતાં ડૉ. ભાસ્કર જોષી અને તેમની પત્ની બંન્ને પોતાની જગ્યાએ થીજી ગયા. અત્યારે બંન્નેને કાપો તો લોહી ના નીકળે એવી પરિસ્થિતિ બંન્ને માટે સર્જાઇ હતી.

નર્સે ખુરશીમાં ડોસીને હાથ પકડીને બેસાડ્યા.

'દાક્તર, મારા પગમાં પાકી ગયું છે, મને પાટો બાંધી આપશો? ' ડોસીએ ડૉક્ટરની આંખમાં આંખ નાંખીને પૂછ્યું હતું.

ડૉ. જોષીએ નર્સને કહ્યું કે 'ડ્રેસીંગ માટેનો સામાન લઇ આવ.'

શીલાએ ઊભા થઈને ડરતા ડરતા ડોસીને સોફા ઉપર સુવડાવ્યા.

ડોસીના પગના પંજામાં મોટું ચાંદુ પડી ગયું હતું. ડૉક્ટરે ઘાવને બરાબર સાફ કરી એના પર બરાબર પાટો બાંધી દીધો અને માજીને સોફામાં બેઠા કર્યા. આટલું કરતા કરતા તો ડૉ. ભાસ્કર જોષી પરસેવે રેબઝેબ થઇ ગયા હતાં.

'દાક્તર સાહેબ, મારું એક કામ કરશો તમે?' ડોસીએ પૂછ્યું.

ડૉ. ભાસ્કર જોષીએ હામાં માથું હલાવ્યું.

ડોસીએ પોતાની થેલીમાંથી પીત્તળનો એક ડબ્બો કાઢ્યો અને ડબ્બો ડૉકટરના ટેબલ પર મુકીને ખોલ્યો. એમાં સોનાના દાગીના હતાં.

'દાક્તર, હું વીસ વરસ પહેલા મારા ગામથી મારી દીકરીના ગામ એને આ દાગીના આપવા જતી હતી પરંતુ રસ્તો ઓળંગતા મને એક ખટારાવાળાએ ટક્કર મારી દીધી અને મારા પ્રાણ ત્યાં જ નીકળી ગયા હતા પણ મારી દીકરીને દાગીના આપવા માટેની મારી આ ઇચ્છા અધૂરી રહી ગઇ એટલે મારી સદ્ગતિ થતી નથી. હું વીસ વરસથી આવી રીતે રસ્તો ક્રોસ કરવાની કોશિષ કરી રહી છું પણ મને કોઇ જોઇ શકતું નથી. વીસ વરસ પછી તમે પહેલા વ્યક્તિ છો કે જે મને જોઇ શક્યા. એટલે જ મેં તમને મારી શક્તિથી એવા બંધનમાં બાંધી દીધા કે તમે તમારા ઉપર આવેલી તકલીફને દૂર કરવા કોઇ જ્ઞાની પાસેથી હું આપના સુધી આવી શકું અને મારા મનની ઇચ્છા કહી શકું અને એ ઇચ્છા પૂરી થાય. તમે મારી દીકરીના ત્યાં દાગીના પહોંચાડી દેશો તો તમારો ઉપકાર થશે અને તમારું જીવન પણ પહેલાની જેમ સામાન્ય થઇ જશે. તમે આ દાગીના મારી દીકરીના ત્યાં પહોંચાડશો ને?' ડોસીએ પોતાની વીતક કથા કહી ડોકટરને પૂછ્યું હતું.

ડૉ. ભાસ્કર જોષી સાવ અવાક થઇ ગયા હતાં. મોઢામાંથી એક પણ શબ્દ નીકળી રહ્યો ન હતો.

'હા, ચોક્કસ પહોંચાડી દઇશું. આપની દીકરીનું સરનામું આપો. અમે આજે જ એને આ દાગીના આપી આવીશું.' વાતને સંભાળી લેતા શીલા બોલી હતી.

ડોસીએ પોતાની દીકરીનું સરનામું શીલાને લખાવ્યું હતું.

'તો હવે હું જઉં છું. મારું આ કામ તમે પતાવશો તો મારા આત્માને મુક્તિ મળશે અને તમને મારામાંથી મુક્તિ મળશે.' આટલું બોલી ખડખડાટ હસતા ડોસી કેબીનની બહાર નીકળી ગયા હતાં.

ડૉ. ભાસ્કર જોષી હજુ પણ શોકમાં હતાં. શીલાએ એમને ઢંઢોળીને પાણી પીવડાવ્યું. ડૉ. જોષીનો હાથ પકડી એમને ગાડીમાં બેસાડ્યા અને પોતે ગાડી ચલાવવા લાગી. ડોસીએ જે સરનામું આપ્યું હતું એ ગામડું ગોંડલની બહુ જ નજીક હતું. ડોસીના બતાવેલા સરનામા પ્રમાણે પૂછતા-પૂછતા બંન્ને જણા ડોસીની દીકરીના ઘર પાસે પહોંચી ગયા હતાં.

ડૉ. ભાસ્કર જોષી હવે થોડા સ્વસ્થ થયા હતાં.

શીલાએ ઘરનો દરવાજો ખખડાવ્યો. એક સાંઇઠ વરસની વૃદ્ધાએ દરવાજો ખોલ્યો.

' મારે કુમુદબેનને મળવું છે. કુમુદબેન મળશે? તેઓ અહીં રહે છે?' શીલાએ પૂછ્યું હતું.

'હા, મારું નામ જ કુમુદ છે. આપ કોણ છો? અંદર આવોને.' કુમુદે આવકારતા કહ્યું હતું.

શીલા અને ડૉ. જોષી ઘરમાં પ્રવેશ્યા. શીલાએ કુમુદને અહીં આવવા માટેનું કારણ કહ્યું અને આખી ઘટના વિગતવાર સમજાવી હતી. શીલાની વાત સાંભળતા સાંભળતા કુમુદ ધ્રુસકે ને ધ્રુસકે રડી રહી હતી. શીલાએ પોતાની વાત પુરી કરી અને કુમુદના હાથમાં પીત્તળના દાગીનાનો ડબ્બો આપ્યો. કુમુદે ડબ્બો ખોલ્યો. સોનાના દાગીના ઉપર કુમુદના આંસુ પડી રહ્યા હતાં.

શીલા અને ડૉ. જોષી ગાડીમાં બેસી રાજકોટ તરફ આવવા રવાના થઇ ગયા હતા.

'તારા ગુરુજી પણ અજબ ચમત્કારી છે. કોઇની અધૂરી ઇચ્છાને તેમણે આંખ બંધ કરીને જાણી લીધી. હું તો હજી પણ અડધો શોકમાં છું.' ડૉ. ભાસ્કરે ગાડી ચલાવતી શીલાને કહ્યું હતું.

'ગુરુજી એટલે જ કહે છે કે કળિયુગમાં બધું જ શક્ય છે. કશું અશક્ય નથી. પાણી પર ચાલતી ગાડીઓ હશે અને રસ્તા પર ચાલતા સ્ટીમરો હશે.' શીલાએ ગુરુજીની ભવિષ્યવાણી ડૉ. જોષીને કહી હતી.

શીલા જ્યારે બોલી રહી હતી ત્યારે ડૉ. જોષી મનોમન ગુરુજીને વંદન કરી રહ્યા હતાં.

બીજા દિવસે ડૉ. જોષી રાબેતા મુજબ હોસ્પિટલ ઉપર પહોંચ્યા હતાં. હોસ્પિટલમાં પ્રવેશ કરતા જ પહેલા જેવી પેશન્ટોની ભીડ દેખાઇ હતી.

ડૉ. જોષીને જોતાં નર્સે આવીને ખુશીથી કહ્યું હતું કે 'આજે પચાસ એપોઇન્ટમેન્ટ છે.'

ડૉ. ભાસ્કર જોષી ઉત્સાહમાં આવીને ફરીથી પોતાના પેશન્ટોને ચેક-અપ કરવામાં વ્યસ્ત થઇ ગયા હતાં.

(એક સત્ય ઘટના પર આધારિત )

લિ.

ૐગુરુ

# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.

# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ




ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઇ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઇ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

### ડિસેમ્બર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૫ સુધી આર્થિક ઉન્નતિ-સમૃદ્ધિ માટે

## ૐ શ્રી ધનુષા લક્ષ્મી ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॥ ૐ श्री धनुषाः ॥ | ॥ ૐ श्री धनुषावीः ॥ | ॥ ૐ श्री धनुषातीः ॥ | ॥ ૐ श्री धनुवावीः ॥ | ॥ ૐ श्री धनुरातीः ॥ |
| ॥ ૐ श्री धनुकातीः ॥ | ॥ ૐ श्री धनुवावीतः ॥ | ॥ ૐ श्री धनुदावीतः ॥ | ॥ ૐ श्री धनुकुर्वाकीः ॥ | ॥ ૐ श्री धनुवीवातीः ॥ |
| ॥ ૐ श्री धनुप्रवातीः ॥ | ॥ ૐ श्री धनुकावातीः ॥ |  | ॥ ૐ श्री धनुरावीताः ॥ | ॥ ૐ श्री धनुकावीन्यः ॥ |
| ॥ ૐ श्री धनुप्रवाकः ॥ | ॥ ૐ श्री धनुत्रुवाकः ॥ | ॥ ૐ श्री धनुवावलः ॥ | ॥ ૐ श्री धनुत्रुवातः ॥ | ॥ ૐ श्री धनुसावकः ॥ |
| ॥ ૐ श्री धनुकावकः ॥ | ॥ ૐ श्री धनुत्रीवातीः ॥ | ॥ ૐ श्री धनुवीवातीः ॥ | ॥ ૐ श्री धनुप्रजकः ॥ | ॥ ૐ श्री धनुत्रुजकः ॥ |

ઉપર આપેલ ૐ શ્રી ધનુષા લક્ષ્મી ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. ડિસેમ્બર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૫ સુધી રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું. આ પેજને આપ મોબાઈલમાં સ્ટોર કરીને પણ આ સાધના કરી શકો છો.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

દેવદિવાળી-૨૦૨૪ થી દેવદિવાળી-૨૦૨૫ સુધી આપના આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે

# ચમત્કારિક મંત્રદર્શન

## મંત્ર : ॥ ૐ ઈન્દ્રાય ઈન્દ્રાય દેવા શક્તિ નમો નમઃ ॥

### ૐ શ્રી ઈન્દ્રાય સમૃદ્ધિ ચક્ર

| | |
|---|---|
| ॥ ૐ श्री ईन्द्रदेवाय ॥<br>॥३३३३:॥ | ॥ ૐ श्री सूर्यविदन्त्यदेवाय ॥<br>॥९९९९:॥ |
| ॥ ૐ श्री ૐमेश्वरदेव:॥<br>॥८८८८:॥ | ॥ ૐ देव:॥<br>॥५५५५:॥ |

### ૐ શ્રી સૂર્યવિદન્ત્યદેવાય શક્તિ ચક્ર

| | |
|---|---|
| ॥९९:॥ | ॥९९९:॥ |
| ॥७७७:॥ | ॥८९८:॥ |

### ૐ શ્રી ઈન્દ્રલોક ઊર્જા ચક્ર





(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

**સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના એક વર્ષ સુધી કરવી.**

॥ ૐ નમઃ ॥

# સંવત ૨૦૮૧(૨૦૨૪-૨૫) નું
# આખું વર્ષ સુખ-સમૃદ્ધિ અને ઉન્નતિસભર
# પસાર થાય એ માટે

## પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ કરેલ

# ૐ શુભાંશુ ધનલક્ષ્મી ઊર્જાચક્ર



**આ ચક્ર આસો સુદ પૂનમથી બેસતાવર્ષ સુધી
આપ પ્રાપ્ત કરી શકો છો. ખૂબ જ મર્યાદિત
સંખ્યામાં આ યંત્ર ઉપલબ્ધ હોવાથી
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
પર સંપર્ક કરી
પોતાનું નામ લખાવી દેવું.**

**મો: 9429208997**



|| ૐ નમઃ ||

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૧૧-૨૪ | ગુરુવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૨-૧૧-૨૪ | શુક્રવાર | ૐ ધનલક્ષ્મીદેવી |
| ૨૩-૧૧-૨૪ | શનિવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી |
| ૨૪-૧૧-૨૪ | રવિવાર | ૐ ઊર્જાશક્તિ |
| ૨૫-૧૧-૨૪ | સોમવાર | ૐ બ્રહ્મઊર્જા |
| ૨૬-૧૧-૨૪ | મંગળવાર | ૐ ધનકુબેરદેવ |
| ૨૭-૧૧-૨૪ | બુધવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૨૮-૧૧-૨૪ | ગુરુવાર | ૐ રાહુદેવ |
| ૨૯-૧૧-૨૪ | શુક્રવાર | ૐ કેતુદેવ |
| ૩૦-૧૧-૨૪ | શનિવાર | ૐ સૂર્યદેવ |
| ૦૧-૧૨-૨૪ | રવિવાર | ૐ શુક્રદેવ |
| ૦૨-૧૨-૨૪ | સોમવાર | ૐ શનિદેવ |
| ૦૩-૧૨-૨૪ | મંગળવાર | ૐ ચંદ્રદેવ |
| ૦૪-૧૨-૨૪ | બુધવાર | ૐ બુધદેવ |
| ૦૫-૧૨-૨૪ | ગુરુવાર | ૐ મંગળદેવ |
| ૦૬-૧૨-૨૪ | શુક્રવાર | ૐ લક્ષ્મીકાતી |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૭-૧૨-૨૪ | શનિવાર | ૐ ધનકાતી |
| ૦૮-૧૨-૨૪ | રવિવાર | ૐ વિજયયાત |
| ૦૯-૧૨-૨૪ | સોમવાર | ૐ સુરીતાકી |
| ૧૦-૧૨-૨૪ | મંગળવાર | ૐ સુરીતુભદેવ |
| ૧૧-૧૨-૨૪ | બુધવાર | ૐ દુંડકદેવ |
| ૧૨-૧૨-૨૪ | ગુરુવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૧૩-૧૨-૨૪ | શુક્રવાર | ૐ ગુરુલક્ષ્મીદેવી |
| ૧૪-૧૨-૨૪ | શનિવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૧૫-૧૨-૨૪ | રવિવાર | ૐ સિદ્ધાદેવી |
| ૧૬-૧૨-૨૪ | સોમવાર | ૐ ઈન્દ્રાતી |
| ૧૭-૧૨-૨૪ | મંગળવાર | ૐ પ્રવિકાતી |
| ૧૮-૧૨-૨૪ | બુધવાર | ૐ પ્રવલ્ય |
| ૧૯-૧૨-૨૪ | ગુરુવાર | ૐ અંબાદેવી |
| ૨૦-૧૨-૨૪ | શુક્રવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| | | |
| | | |

## સટિક પ્રયોગ

દેવદિવાળીથી દેવદિવાળી સુધી આપનું વર્ષ ઉન્નતિ અને સમૃદ્ધિદાયક પસાર થાય તે માટે નીચે આપેલો દિવ્ય મંત્ર રોજ ત્રણ વખત કરવો તેમજ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ સુવિતાની સુવિતાની લક્ષ્મીતા નમઃ ॥**

## મને નસનો દુઃખાવો મટી ગયો

દસેક દિવસ પહેલા રાત્રે ઘરનું કામ પતાવ્યા બાદ મને અચાનક જમણા પગની નસમાં દુઃખાવો ચાલુ થઈ ગયો. હું સૂઈ શકતી નહોતી. પડખું ફરું તો મને આખા પગની નસમાં ઝનઝનાટી થતી હતી. મને એવો ડર પેસી ગયો હતો કે ક્યાંક મને સાઈટીકાની નસ તો નહીં દુઃખતી હોય ને? મેં તરત ગુરુજીને ફોન કર્યો અને મારી પીડાની વાત કરી. ગુરુજીએ મને કહ્યું કે તું કાલે ડૉક્ટરને બતાવી આવ. મેં ગુરુજીને ના પાડી કે હું ડૉક્ટર પાસે નહીં જઉં, તમે જ કંઈક એવો ચમત્કારક કરો કે મને આ દુઃખાવો મટી જાય. એ પછી ગુરુજીએ કહ્યું કે સારું, તું એક કામ કર, દુઃખાવાના ભાગ પર વોલીની લગાવી દે અને પછી એક વાડકીમાં પાણી લઈને અનામિકા આંગળી પાણીમાં રાખી ૐકાર ચાલીસાનો ત્રણ વાર પાઠ કર અને પછી એ અભિમંત્રિત થયેલ જળ દુઃખાવાના ભાગ પર લગાવી દે.

પરમ પૂજ્ય ગુરુજીના આદેશ અનુસાર મેં ૐકાર ચાલીસા કરી. ત્યારબાદ હું સૂઈ ગઈ. સવારે હું જ્યારે ઉઠી ત્યારે મારા પગનો દુઃખાવો સાવ મટી ગયો હતો. હું ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. મેં મનોમન ગુરુજીનો ખૂબ ખૂબ આભાર માન્યો અને એમને વંદન કર્યા. પરમ પૂજ્ય ગુરુજીના આવા તો મારા જીવનમાં કંઈક કેટલાય ચમત્કાર જોયા અને અનુભવ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીનો જેટલો પણ ચરણોમાં ઝૂકીને આભાર માનું એટલો ઓછો છે. સદ્ગુરુ ૐઋષિ સ્વામીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત.....

લિ. એકતા પટેલ (સુરત)

**આપ આવી કોઇ પીડાથી ઘેરાયેલા હોય તો સદ્ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા પઠન અને લેખન અવશ્ય કરો જેનાથી ચમત્કારિક ફળની પ્રાપ્તિ અચૂક થશે. તેમજ ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## આકસ્મિક ધનલાભ પૂજનનો ચમત્કાર

હું શેરબજારમાં કામ કરું છું. પરમ પૂજ્ય ગુરુજીની પાવન નિશ્રામાં મને આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં બેસવાનો લ્હાવો મળ્યો અને મેં આ પૂજનમાં ભાગ લીધો. આ પૂજનમાં બેસવાથી જીવનમાં ચમત્કાર આર્થિક રીતે થશે એવું પરમ પૂજ્ય ગુરુજીએ જણાવેલ અને ઉપસ્થિત સર્વ

ભક્તજનોને પોતાની મનોકામનાનો સંકલ્પ કરવા માટે કહ્યું.

એ વખતે મેં એ મનોકામના કરી કે અત્યારે શેરબજારમાં જે મોટા લોસમાં હું જઈ રહ્યો છું એમાંથી બહાર નીકળી જવાય તો એ ચમત્કાર જ છે. એવા સંકલ્પ સાથે મેં આ પૂજન કર્યું. આ પૂજનના બે દિવસમાં જ બજારમાં થયેલી ઉથલપાથલમાં હું સંપૂર્ણપણે લોસમાંથી બહાર નીકળી ગયો અને મને પ્રોફીટ પણ થયો.

આ મારા માટે એકદમ આકસ્મિક ધનલાભની જ ઘટના છે એવું હું દઢપણે કહી શકું છું, કારણકે જો આ નુકસાન થયું હોત તો કદાચ મારે મારું ઘર પણ વેચવું પડત. હવે આપ જ નક્કી કરો કે આને આક્મિસક ધનલાભ કહેવાય કે નહિ?

લિ. મહેશ જાની (અમદાવાદ)

**આપ પણ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો આકસ્મિક ધનલાભ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## આકસ્મિક ધનલાભ મહાપૂજનનો પરચો મળ્યો

મને અને મારી પત્નીને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ ખૂબ જ ફળ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીની નિશ્રામાં યોજાયેલ ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં મેં અને મારી પત્ની એકતાએ ભાગ લીધો હતો. મહાપૂજન બાદ થોડા દિવસમાં જ મને પગારમાં ૧૨ ટકાનો વધારો મળ્યો અને એ વધારો અણધાર્યો અને અકલ્પ્ય હતો.

આ સિવાય આ મહાપૂજનમાં બેસવાથી મને અને મારી પત્ની બંન્નેને ખૂબ જ અલૌકિક આનંદ અને મનની શાંતિ પ્રાપ્ત થઈ. પરમ પૂજ્ય ગુરુજીની પાવન નિશ્રામાં યોજાનાર દરેક મહાપૂજન તેમજ યજ્ઞમાં અમે લાભ લઈશું જ એ અમારો મક્કમ નિર્ધાર છે કારણકે કળિયુગમાં પરમ પૂજ્ય ગુરુજી એમના આશીર્વાદથી ચમત્કાર સર્જી શકે છે એવું અમે બંન્નેએ અનભવ્યું છે.

લિ. મનિષ રાજાણી, એકતા રાજાણી (રાજકોટ)

**આપ પણ આવી અનુભૂતિ કરવા ઇચ્છતા હોય તો ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો આકસ્મિક ધનલાભ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## વર્ષો જૂનો માથાનો દુઃખાવો ગાયબ થયો

મારી મિત્ર શિવાનીએ મને પરમ પૂજ્ય ગુરુજીને મારા માથાના દુઃખાવા માટે મળવા કહ્યું હતું. હું છેલ્લા ૧૨ વર્ષથી માઈગ્રેન (માથાના દુઃખાવો)થી પીડાતી હતી. હું ગુરુજીને મળવા માટે ગઈ. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઈ માઈગ્રેન માટેનો મંત્ર આપ્યો અને દિવસમાં ત્રણ વખત લગાડવા માટે અભિમંત્રિત કરેલ બામ નિઃશુલ્ક મને આપ્યો.

ગુરુજીને પહેલી વખત મળ્યા બાદ મને થયું કે ગુરુજી જે રીતે કહે છે એ પ્રમાણે મને ચોક્કસ રાહત થશે. ખબર નહિ મારો આત્મવિશ્વાસ કઈ બાબતથી આટલો વધી ગયો. મેં ગુરુજીની સૂચના પ્રમાણે મંત્ર, ૐકાર ચાલીસા અને દિવસમાં ત્રણ વખત બામ લગાડવાનું શરૂ કર્યું. લગભગ ત્રણ મહિનામાં મારો માથાનો દુઃખાવો સંપૂર્ણપણે મટી ગયો. આ અનુભવ જ્યારે હું લખું છું એ દિવસ સુધી મેં માઈગ્રેન માટેની કોઈ દવા લીધી નથી. કોઈ માને કે ના માને પણ મારા માટે તો આ ચમત્કાર જ છે એવું હું દૃઢપણે કહીશ.

લિ. નીકિતાબેન (નવસારી)

**આપ પણ આવી કોઇ પીડાથી ઘેરાયેલા હોય તો આ અભિમંત્રિત બામ ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત કરી શકો છો. તેમજ નીચે આપેલો મંત્ર રોજ રાત્રે ૯ થી ૧૧ માં વાડકીમાં પાણી લઇ અનામિકા આંગળી પાણીમાં રાખી ૩ (ત્રણ) વખત કરવો અને એકવાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો ત્યારબાદ અભિમંત્રિત થયેલ જળ પી જવું. તેમજ ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

**મંત્ર : ॥ ૐ વિલમ્ય વિલમ્ય મુક્તિતા નમઃ ॥**

# કેનેડામાં પી.આર. થઇ ગયું

મારું નામ સુધાંશુ અગ્રવાલ છે. હું અને મારી પત્ની છેલ્લા પાંચ વર્ષથી કેનેડામાં છીએ. અમે પી.આર. માટે બધી જ પ્રક્રિયા કરી દીધી હતી. પરંતુ કોઈ ને કોઈ પ્રશ્ન પી.આર. માટેની ઓફિસમાંથી આવતા હતાં. અમે એમના તરફથી મોકલાયેલા બધાં જ પ્રશ્નોના જવાબ આપતા રહ્યા. અમે બંન્ને પતિ-પત્ની ખૂબ જ શ્રદ્ધાથી ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત રીતે કરીએ છીએ. ‘‘તમારું પી.આર. થઈ જશે. હું બેઠો છું.’’ પરમ પૂજ્ય ગુરુજીના આ શબ્દોએ જ અમારી હિંમત ટકાવી રાખી હતી અને ચમત્કારની વાત એ છે કે ભારત અને કેનેડા વચ્ચેનો વિવાદ વધ્યો એના બે દિવસ પહેલા જ અમારું પી.આર. થઈને આવી ગયું. પરમ પૂજ્ય ગુરુજીને અમે બંન્ને પતિ-પત્ની મંત્રના ભગવાન માનીએ છીએ.

સુધાંશુ અગ્રવાલ (હવે કાયમી કેનેડા)

**ગુરુજીના શબ્દોમાં કહીએ તો ‘‘હું બેઠો છું, ૐકાર ચાલીસા લેખન અને પઠન કરો. ચમત્કાર થશે જ.’’ આપ પણ શ્રદ્ધા સાથે આમ કરશો તો ચમત્કારિક પરિણામ અવશ્ય પ્રાપ્ત થશે.**

સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો “SADGURU OMRUSHI”
સ્ટેપ- ૩ “SADGURU OMRUSHI” પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

॥ ૐ નમઃ ॥




ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞ

મંત્રશક્તિના તેજોમય
ઉચ્ચારણ મધ્યે સંપૂર્ણ શાસ્ત્રોક્ત
વિધિવિધાનથી સજજ



## પાવન શુભ નિશ્રા

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**શક્તિશાળી મંત્રોના તેજોમય ઉચ્ચારણ, દાર્શનિક સ્વરૂપ, હોમ અને આહ્‌વાન દ્વારા ભૌતિક અને સાંસારિક તેમજ આધ્યાત્મિક કાર્યમાં દિવ્ય અને ચમત્કારિક પરિણામો આપનાર આ પાવન મહાયજ્ઞમાં જોડાઇ આ અમૂલ્ય અવસરનો લાભ આપ સૌ ભક્તજનોએ અવશ્ય લેવો.**

### પાવન શુભ દિવસ

**૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ - રવિવાર**

### પાવન શુભ સમય

**સવારે ૮ થી ૧૧**

### પાવન શુભ સ્થળ

**ૐકારધામ તીર્થ, પાનવા**



|| ૐ નમઃ ||

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞથી થતા ફાયદા

- આકસ્મિક ધનવાન બનવાના યોગો પ્રબળ બને અને ધન વૈભવ વધ્યા જ કરે તેમજ ધન સ્થિર થાય.
- જીવનમાં ધારેલા આર્થિક કાર્યોની પૂર્ણાહૂતિ થાય અને પ્રતિષ્ઠામાં વધારો થાય.
- નજરટોક, બાહ્ય અવરોધ, શારીરિક કે માનસિક પીડા અને તકલીફોમાંથી મુક્તિ મળે.
- લગ્ન અવરોધ, સામાજિક અવરોધ, સંતાનપ્રાપ્તિમાં અવરોધ હોય તો તે કાર્ય સિદ્ધ થાય.
- મન સક્ષમ રાખે, દરેક કામમાં વિજય અપાવે અને શત્રુઓથી આપની રક્ષા થાય.
- કુટુંબમાં સંપ અને શાંતિ પ્રસ્થાપિત થાય તેમજ ધાર્મિક કાર્યો થાય.
- આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને દેવામાંથી મુક્તિ મળે.
- આપની ઓરામાં પ્રબળ સકારાત્મક ઊર્જા નિર્માણ થાય જેનાથી આપના ધાર્યા કામ સફળ થાય અને આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિ થાય જે આ મહાયજ્ઞનો મુખ્ય લાભ છે.

## ખાસ સૂચના

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : 9429208997** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

## સંપર્કસૂત્ર

ૐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)


**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**
સેવા સમર્પણ ફાઉન્ડેશન
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)
ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
(Trust Reg. No. E/20646/Ahmedabad)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(મો) 9429208997, 8758999297, 9376334289
Email ID : omkarsampraday@ gmail.com
Website : www.sadguruomrushi.org


ૐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

### મંત્ર – દર્શન – ચમત્કાર

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૫ નવેમ્બર, ૨૦૨૪ - શુક્રવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO’s Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month’ Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of '**SEVA SAMARPAN FOUNDATION**' and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**